
# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૧૬

### ગતિભંગ



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



# ગતિભંગ

લેખક : મોહનલાલ પટેલ
પ્રકાર : લઘુકથા
સંદર્ભ : 'વિકલ્પ' માંથી

## શબ્દ-સમજૂતી

અણસાર - ઈશારો, સંકેત
આથમવું - અસ્ત પામવું, પડતી દશામાં આવવું
વેગ - ગતિ, ઝડપ
ભાવાર્દ્ર - ભાવવિભોર, ભાવથી ભરાયેલું
દશા - સ્થિતિ, હાલત
સાવધ - હોશિયાર, ખબરદાર
સ્મૃતિ - સંસ્મરણો, યાદગીરી
અડવડિયું - અડબડિયું, લથડિયું

## તળપદા શબ્દો

હેંડો - ચાલો

## કહેવત

નહીં ઘરના કે નહીં ઘાટના - ન આ બાજુના કે ન તે બાજુના

## સ્વાધ્યાય

1. 1) 'આપણી બબલીનાં જ પગલાં ભારે!' આ વાક્ય કોણ બોલે છે?
→ ડુંગરની પત્ની

2) ડુંગર અને તેની વહુ કયા સ્ટેશને ગાડી પકડવા માગતાં હતાં?
→ રાજપુર

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page No.
DATE: / /

1) ધૂળમાં પગલી જોઈને ડુંગરની પત્નીને કોણ યાદ આવ્યું?
→ ધૂળમાં પગલી જોઈને ડુંગરની પત્નીને મૃત બાળક યાદ આવ્યું.

2) ડુંગરે પોતાની નજર ક્યાં સ્થિર કરી?
→ ડુંગરે પોતાની નજર ગગનના માર્ગ તરફ સ્થિર કરી.

1) ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે?
→ ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે તેણે જમીન પર એક ઘાટીલી પગલીની છાપ જોઈ. એ છાપ જાણે તેની મૃત બબલીની પગલીની જ હોય તેવી હતી. મૃત સંતાનની સ્મૃતિથી હલી ઊઠેલી તે અટકી ગઈ.

2) "લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી મૂકી જઈશું." તેમ ડુંગરની પત્નીએ શા માટે કહ્યું?
→ ડુંગરની પત્ની મૃત પુત્રીના વિચારોમાં ખોવાઈ જતાં એની ચાલવાની ગતિ ધીમી પડી ગઈ. ગાડી મૂકી જવાની એની ચિંતા ડુંગરને હતી. ડુંગરની પત્ની જાણે ડુંગરના મનને કળી ગઈ અને પોતે મહમા બોલી ઊઠી: "લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી મૂકી જઈશું." પોતાની જેમ પતિ અસ્વસ્થ ન થઈ જાય, એ માટે ડુંગરની પત્ની ડુંગરને આ વાક્ય દ્વારા ઝડપ કરવા કહે છે.

1) પુત્રી ખોયાની માતા-પિતાની વેદના પાઠના આધારે તમારા શબ્દોમાં વ્યક્ત કરો.
રાજપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને તેની પત્ની ઊભા માર્ગે ઝડપભેર જઈ રહ્યાં હતાં. ત્યાં અચાનક એ માર્ગે ડુંગરની પત્નીની ચાલવાની ગતિ થંભી ગઈ. તેનામાં આગળ ચાલવાની શક્તિ નહોતી. એ માર્ગે તે તેની મૃત બબલીની પગલીની છાપને વારંવાર શોધતી રહી. અંતે માતાને આંગળાંની બહાર જેવી પોતાની બાળકીની પગલીની છાપ દેખાઈ અને તેને મૃત બબલી યાદ આવી ગઈ.

ખેતરે જતાં અને આવતાં આગળ ને આગળ દોડી જતી બબલીની પગલીઓ તેનામાં હૈયામાં વસી ગઈ હતી. આથી તે એક ડગલું પણ ચાલી શકતી નહોતી. આ જોઈને ડુંગર પહેલાં તો ગુસ્સે થાય છે, કેમ કે તેને થાય છે કે આમ ગતિ ધીમી

Scanned with OKEN Scanner

પડી જશે તો ગાડી મૂકી જવાશે. 'ગાંડી, એવાં પગલાં તો હજારોંય હોય.' એમ કહીને ડુંગર તેની પત્ની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે અને તેને આગળ ચાલવા કહે છે, પણ તે ય પોતાના મૃત બાળકોના યાદમાં ઝૂરતી પત્નીને વધુ કંઈ કહી શકયો નહિ. તેણે પોતાની નજર આકાશના કોઈ માર્ગ તરફ વાળી લીધી. પતિ-પત્ની બંને ભિન્ન થઈ ગયા છે. છેવટે પતિને જોઈ આવધ બનેલી પત્નીએ કહ્યું : "લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ. ગાડી મૂકી જઈશું." આ શબ્દોમાં લેખકે વેગથી ચાલ્યા જતાં પાત્રોની મનોવેદનાને અતિશય સંયમથી વ્યક્ત કરી છે.

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
The King of Education
shikshansagar.com


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .


અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .


અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION